# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


મા-૪/સેમિનાર/૨૦૨૫/૧૫૪૦ તા.૧૦/૧૧/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિલ્લો-સુરત.

**વિષય:** બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ (ક્લાર્ક) અને વર્ગ-૪ (સેવક)નાં કર્મચારીઓના અધિવેશન (સેમિનાર)માં ભાગ લેવા બાબતની જાણ કરવા બાબત.

**સંદર્ભ:** (૧) કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:COS/0139/12/2025, તા.૦૮/૧૨/૨૦૨૫

(૨) કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:COS/0140/12/2025, તા.૦૮/૧૨/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ (ક્લાર્ક) તથા વર્ગ-૪ (સેવક)નાં કર્મચારીઓના વર્ષ ૨૦૨૫-૨૦૨૬નાં વર્ષ માટે ૦૩ (ત્રણ દિવસ)નાં અધિવેશન (સેમિનાર)નુ આયોજન કરવાની સંદર્ભ દર્શિત પત્રોથી માન. નાયબ શિક્ષણ નિયામકશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

ઉકત સેમિનારમાં આપની શાળાના વધુમાં વધુ વર્ગ-૩ (ક્લાર્ક) અને વર્ગ-૪ (સેવક) સંવર્ગના કર્મચારીઓ આ સેમિનારમાં સમયસર નોંધણી કરાવી સેમિનારમાં ભાગ લેવા માટે જરૂરી સૂચનાઓ આપી, આ અંગેના જરૂરી વહીવટી પગલાં લેવા આપને જણાવવામાં આવે છે.

**સેમિનારની તારીખ, સમય અને સ્થળની વિગતો સંઘ દ્વારા ટૂંક સમયમાં અલગથી જાહેર કરવામાં આવશે.**

(ડૉ. ભગીરથસિંહ એસ. પરમાર)

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત,જિલ્લો-સુરત.

Letter No: COS/0139/12/2025 Approved Date: 08-12-2025


# Commissionerate of School
Vidya Samiksha Kendra
3rd Floor, Opposite Punitvan, Sector-19, Gandhinagar 382021

Te.No.: 07923254001 E-mail: ss.umabranch@gmail.com


Ref. COS/10+2 /uma-02/2025/ Date: /12/2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

વિષય: બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ (કલાર્ક)ના કર્મચારીઓના સેમિનાર યોજવા બાબત

સંદર્ભ: (૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળનો તા.૧૯/૦૮/૨૦૨૫
(૨) અત્રેની કચેરીનો તા.૧૦/૦૯/૨૦૨૫નો પત્રાંક: COS/SDP/e-file/276/ 2025 /2003/Higher secondary section
(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળનો તા.૧૨/૦૯/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ (કલાર્ક)ના વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષ માટે ત્રણ (૦૩) દિવસનું સેમિનાર ગુજરાત રાજ્યની અંદર યોજવાની અત્રેની કચેરીના ઉકત સંદર્ભદર્શિત (૨) પત્રથી પરવાનગી આપવામાં આવેલ હતી.

પરંતુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ દ્વારા તા.૧૨/૦૯/૨૦૨૫ના ઉકત સંદર્ભદર્શિત (૩) પત્રથી પ્રવર્તમાન મોંઘવારીને ધ્યાને લઈ પરિષદ ફીમાં વધારો કરવા રજુઆત કરેલ હતી. જે અન્વયે અત્રેની કચેરીના તા.૧૦/૯/૨૦૨૫ના ઉકત સંદર્ભદર્શિત (૨) પત્રથી કરવામાં આવેલ આદેશ રદ કરવામાં આવે છે. અને નીચે મુજબનો સુધારા સાથેનો આદેશ કરવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવના પરિશિષ્ટ-૨ની આઈટમ નંબર ૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેનાં આધારે પરિષદ માટેની ફી રૂ. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર છસો પુરા) તથા અધિવેશનમાં હાજરી આપતા વર્ગ-૩ (કલાર્ક)ના પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો ખર્ચ નિયમોનુસાર મળવાપાત્ર થશે.

ઉકત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈતર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંઘના અધિવેશન માટેનું સ્થળ અને તારીખ સંઘની અનુકૂળતા પ્રમાણે નક્કી કરવાનું રહેશે. પરંતુ આ અધિવેશન વધુમાં વધુ ત્રણ (૦૩) દિવસથી વધુ ન હોવું જોઈએ. અધિવેશન ખરેખર જે તારીખે યોજાય તેની અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે.

<u>માન. નિયામકશ્રીના નોંધ પર મળેલ આદેશાનુસાર....</u>

નાયબ શિક્ષણ નિયામક (૧૦+૨)
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારું:-</u>
પ્રમુખશ્રી, શેઠ એમ.ડી હાઈસ્કુલ, પુંધરા, તા. માણસા, જિ.ગાંધીનગર-૩૮૨૮૫૫

Signature valid
Signed by:KISHANE... ATESHING VAS...
Deputy Director
Date:2025...
...5:27:13 +5...

File No: COS/SDP/e-file/276/2025/2003/Higher secondary section
Approved By: Deputy Director,Higher secondary section,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



Scanned with OKEN Scanner

Letter No: COS/0140/12/2025 Approved Date: 08-12-2025

# Commissionerate of School

Vidya Samiksha Kendra
3rd Floor, Opposite Punitvan, Sector-19, Gandhinagar 382021

Te.No.: 07923254001

E-mail: ss.umabranch@gmail.com

Rel. COS 10+2 /uma-02/2025

Date: /12/2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

વિષય: બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૪ (સેવક)ના કર્મચારીઓના સેમિનાર યોજવા બાબત

સંદર્ભ: (૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળનો તા.૧૯/૦૮/૨૦૨૫

(૨) અત્રેની કચેરીનો તા.૧૦/૦૯/૨૦૨૫નો પત્રાંક: COS/SDP/e-file/276/ 2025 /2004/Higher secondary section

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળનો તા.૧૨/૦૯/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૪ (સેવક)ના વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષ માટે ત્રણ (૦૩) દિવસનું સેમિનાર ગુજરાત રાજ્યની અંદર યોજવાની અત્રેની કચેરીના ઉકત સંદર્ભદર્શિત (૨) પત્રથી પરવાનગી આપવામાં આવેલ હતી.

પરંતુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ દ્વારા તા.૧૨/૦૯/૨૦૨૫ના ઉકત સંદર્ભદર્શિત (૩) પત્રથી પ્રવર્તમાન મોંઘવારીને ધ્યાને લઈ પરિષદ ફીમાં વધારો કરવા રજુઆત કરેલ હતી. જે અન્વયે અત્રેની કચેરીના તા.૧૦/૯/૨૦૨૫ના ઉકત સંદર્ભદર્શિત (૨) પત્રથી કરવામાં આવેલ આદેશ રદ કરવામાં આવે છે. અને નીચે મુજબનો સુધારા સાથેનો આદેશ કરવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવના પરિશિષ્ટ-૨ની આઈટમ નંબર ૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેનાં આધારે પરિષદ માટેની ફી રૂ. ૧૬૦૦/- (અંકે રૂપિયા એક હજાર છસો પુરા) તથા અધિવેશનમાં હાજરી આપતા વર્ગ-૪ (સેવક)ના પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો ખર્ચ નિયમોનુસાર મળવાપાત્ર થશે.

ઉકત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈતર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંઘના અધિવેશન માટેનું સ્થળ અને તારીખ સંઘની અનુકૂળતા પ્રમાણે નક્કી કરવાનું રહેશે. પરંતુ આ અધિવેશન વધુમાં વધુ ત્રણ (૦૩) દિવસથી વધુ ન હોવું જોઈએ. અધિવેશન ખરેખર જે તારીખે યોજાય તેની અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે.

<u>માન. નિયામકશ્રીના નોંધ પર મળેલ આદેશાનુસાર....</u>

નાયબ શિક્ષણ નિયામક (૧૦+૨)
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂં:-</u>
પ્રમુખશ્રી, શેઠ એમ.ડી હાઈસ્કુલ, પુંધરા, તા. માણસા, જિ.ગાંધીનગર-૩૮૨૮૫૫

Signature valid

Signed by:KISHANE
FATESHING VAS
Deputy Director
Date:2025
16:25:50 +5

File No: COS/SDP/e-file/276/2025/2004/Higher secondary section
Approved By: Deputy Director,Higher secondary section,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*